# કાપણી અને બીજા આશીર્વાદોની ઉજવણી કરો.

બાળકો ને શીખવનારે અભ્યાસ વાંચી જવો.

**પ્રાર્થના** : હે પ્રભુ મારા અને આ લોક ઉપરના તમારા આશીર્વાદોને માટે અમે તમારો આભાર માનીએ છીએ.

સમય અને સ્થાનિક રિવાજને અનુરૂપ પ્રવૃત્તિઓ ઠરાવો.

'અને તું સપ્તાહોનું પર્વ, એટલે ઘઉંની કાપણીના પ્રથમ ફળનું તથા વર્ષને આખરે સંગ્રહનું પર્વ પાળ.' *નિર્ગ. ૩૪:૨૨*

## ૧. પોતાના હૃદયની લાગણીઓ પ્રભુ પ્રત્યે દર્શાવી આભાર સ્તુતિ માટે તમારા સંગતની સહાય કરો.

**પશ્ચાત ભૂમિકા**

- દેવે પ્રાચીનકાળના ઈસ્ત્રાએલીઓને સપ્તાહોનું પર્વ પાળવાની આજ્ઞા આપી જે પાછળથી પચાસમાનું પર્વ કહેવાયું.
- ખ્રિસ્તમાં જેઓ વિશ્વાસીઓ છે તેઓએ રોજ ઉપકારસ્તુતિ કરવી જોઈએ. જૂના કરારના સપ્તાહના પર્વની માફક વિશ્વભરમાં ઘણાં વિશ્વાસીઓ કાપણીના સમયના ગાળામાં ઈશ્વરના વર્ષ દરમ્યાનના ઉપકારો માટે ઉજવણીનું પર્વ મનાવે છે.
- ઘણાં વિશ્વાસી મંડળો પચાસમાનું પર્વ મનાવે છે. જો કે તે કાપણીના પર્વ જેવું નહિ પણ એટલા માટે કે પચાસમાના દિવસે દેવે પવિત્ર આત્મા મોકલી આપ્યો અને નવા કરારની મંડળીનો જન્મ થયો.. આ પ્રસંગ આત્મિક કાપણી સમાન હતો કારણકે દેવે વિશ્વના ઘણાં દેશોમાં વિખેરાઈ ગયેલા યહુદીઓમાંથી કેટલાકને પોતાના નવા વિશ્વાસીઓની મંડળીરૂપી શરીરમાં એકઠા કર્યા.
- વિશ્વમાં લગભગ દરેક ઠેકાણે કોઈ ને કોઈ રીતે કાપણીનું પર્વ પાળવામાં આવે છે અને લોકો દેવની સ્તુતિ કરવા એકઠા મળે છે. કેટલીક સંસ્કૃતિઓમાં આ ઉજવણીમાં મૂર્તિપૂજા હોય છે અને ઘણાં વિશ્વાસીઓ તેમાં ભાગ લઈને આવા લોકોને તેમની ખોટી માન્યતાઓમાંથી સાચા ઈશ્વર તરફ ફેરવવાનો પ્રયત્ન કરે છે.



**નિર્ગ ૧૪:૫ થી ૧૫:૧૩** સુધી વાંચીને દેવે ઈસ્ત્રાએલીઓ માટે શું શું કર્યું તે જૂઓ. તેના પ્રત્યુત્તરરૂપે મુસાએ ઈશ્વર પ્રત્યે આભાર દર્શાવવા ગીત રચ્યું. આ રીતે પ્રભુને આભારવશ થઈને સ્તુતિનું પર્વ ઉજવવા માટે લોકોને ઉત્તેજન આપો.

**નિર્ગ ૧૫:૧૪-૨૧**માં મરિયમ અને અન્ય સ્ત્રીઓએ પોતાની આભારવશતા ગીત દ્વારા બતાવી.

## ૨. અઠવાડીયા દરમ્યાનની પ્રવૃત્તિઓનું સાથીદારો સાથે આયોજન કરો.

જે ખૂબ ફરિયાદો કરતા હોય અથવા ભાગ્યેજ ઈશ્વરની સ્તુતિ કરતા હોય તેવા વિશ્વાસીની મુલાકાત લો. તેમની સાથે પ્રાર્થના કરો. તેઓ કઈ બાબતો માટે ઈશ્વરની સ્તુતિ કરી શકે તેની ચર્ચા કરો. તેઓએ રોજ ઈશ્વરની સ્તુતિ કરવી જોઈએ અને ઈશ્વરના ઉપકારોનો સ્તુતિ દ્વારા બદલો વાળવો જોઈએ તેવું ઉત્તેજન આપો.

ખાસ સ્તુતિનું પર્વ પાળવાનું **આયોજન કરો**.

**જો સ્થાનિક અવિશ્વાસી લોકોના રીતરિવાજો**માં કોઈ રીતેનું કાપણી પર્વ ઉજવાતું હોય તો તેમને સમજાવવા કોશિષ કરો કે દરેક સારી બાબતોનું મૂળ એક સાચો ઈશ્વર છે. રાષ્ટ્રીય તહેવારો બાબતમાં પણ આ અભિગમ લઈ શકાય. સામાન્ય રીતે વિશ્વાસીઓ તેઓમાં ભાગ લઈને પ્રેમાળ સંબંધો ઊભા કરે છે પણ સાથે સાથે કોઈ પાપયુક્ત

રીતરસમો ચાલતી હોય તો તેની જગાએ ઈશ્વરને ગમે તેવી સારી રસમો ઉભી કરવી જોઈએ. જેથી વિશ્વાસની સાક્ષી ઊભી થાય અને હકારાત્મક અસરો જોવામાં આવે.

**સાંસ્કૃતિક પર્વોને અંગીકાર કરી શકાય** તેવા ખ્રિસ્તી પર્વમાં બદલી નાખવા માટે આ પગથિયા ને અનુસરો.

- કેટલાંક પુરૂષો, સ્ત્રીઓ પુખ્તો અને જુવાનોને ભેગા કરીને આ બાબતોની ચર્ચા કરો.
- આવા સાંસ્કૃતિક પર્વોમાં જે જે પ્રવૃત્તિઓ. ચિન્હો અને તેના ઉદ્દેશો અમલમાં લેવાતા હોય તેની એક સૂચિ બનાવો. (કોઈ અવિશ્વાસીની આ કાર્ય માટે મદદ લઈ શકાય)
- પાના-૩ પરના પ્રશ્નોના જવાબોની ચર્ચા કરો.

**સાંસ્કૃતિક મેળમિલાપના પ્રશ્નો**

૧) આ પ્રસંગના ક્યા તત્વો ઈશ્વર તેમજ મોટાભાગના ખ્રિસ્તી લોકો સ્વીકારી શકે છે ?

૨) આ પ્રસંગમાં બંધબેસતી થાય તેવી બાઈબલની વાર્તા કે શિક્ષણ શું છે ?

૩) એવી કઈ બાબતો આ પ્રસંગમાં છે જે બદલીને તેને ઠેકાણે બાઈબલના સત્યો મૂકી શકાય ?

- તમે આ સાંસ્કૃતિક પર્વ કે પ્રસંગ એવી રીતે ઉજવો કે જેમાં તે સંસ્કૃતિનું પણ માન જળવાય અને જીવતા સાચા દેવને પણ માન મળે તેવું આયોજન કરો.
- આ સાંસ્કૃતિક પર્વની તમે ખ્રિસ્તી ઢાંચા પ્રમાણે ઉજવણી કરો તેમાં કેટલાક અખ્રિસ્તી (કે અવિશ્વાસી) લોકોને આમંત્રણ આપો. પ્રસંગ પત્યા પછી તેઓને કેવું લાગ્યું તે જાણો. કદાચ તમારે તમારા ખ્રિસ્તી માળખામાં ફેરફારો કરવા પણ પડે.

**ઉદાહરણો**

- એક જગાએ અવિશ્વાસીઓ સ્થાનિક આત્માઓને તેમની પત્નીઓ માતાઓ બને માટે અરજ ગુજારતા હતા. ત્યાં આવેલા નવા પરણેલાં ખ્રિસ્તીઓએ ખાસ પ્રાર્થના મીટીંગ ઠરાવી અને ઈસુના નામમાં ઈશ્વરપિતાને તેમની સ્ત્રીઓને સંતોને પ્રાપ્ત થાય તેવી પ્રાર્થના કરી. લોકો જોઈ શક્યા કે ખ્રિસ્તી માણસોની બધી સ્ત્રીઓને બાળકો થયા હતા.
- છોકરો પુખ્ત વયનો થતા તેને જવાબદારી સોંપવાના વિધિમાં અખ્રિસ્તી દેશોમાં ઘણી વખત વિદેશી અને અનૈતિક રસમાં અપનાવાતી હોય છે. આવે વખતે ખ્રિસ્તી લોકો તેવી વિધિઓનો નકાર કરવાના બદલે સુધારેલી વિધિઓ ઠરાવે જેમાં ઈશ્વરને માન મળતું હોય અને સાંસ્કૃતિક મૂલ્યો અની સારી પુખ્ત વર્તણૂંકનું શિક્ષણ આપે તે ઈચ્છવાયોગ્ય છે. હવે તો અવિશ્વાસીઓ પણ પોતાના બાળકોને ખ્રિસ્તી લોકો શિક્ષણ આપે તેવું ઈચ્છે છે.
- જ્યાં લોકો એક જ ઈશ્વરની પ્રાર્થના કરતા હોય તેવી જગાએ ખ્રિસ્તીઓએ તે જ પ્રથા અપનાવી તેમાં ઈસુનું નામ જોડવું જોઈએ. અવિશ્વાસી લોકો પણ જો ઈસુને નામે પ્રાર્થના કરે તે તેમને દેવે જવાબો આપ્યાના દાખલાઓ છે. એ રીતે ઘણાં ખ્રિસ્તી વિશ્વાસીઓ બને છે.

### ૩. સાથીદારો સાથે બીજી ભજનસેવાનું આયોજન

પ્રભુએ મીસરની સેનાના હાથમાંથી પોતાના લોકોનો કેવો ચમત્કારિક બચાવ કર્યો અને ત્યાર પછી મુસા અને તેની બહેન મરિયમે લોકોને પ્રભુની સ્તુતિમાં દોર્યા તે વાર્તા નિર્ગમનમાંથી **વાંચી** સંભળાવો અથવા તેનું નિદર્શન કરો.

વિશ્વાસીઓ કાપણી ના પર્વની ઉજવણીમાં આનંદપૂર્વક જોડાઈને સમાજ સાથે મિત્રતાપૂર્ણ સંબંધ કેળવે અને લોકો અશુધ્ધઆત્માઓને અને મૂર્તિઓને અર્પણો ચઢાવે તેની જગાએ સાચા ઈશ્વરને સ્તુતિ અને અર્પણો

ચઢાવે તેવા પ્રયત્નો કરે તે **સમજાવો.**

વિશ્વાસીઓને ઈશ્વરે તેમને આપેલા આશિર્વાદો માટે સ્તુતિના અર્પણો ચઢાવવા દો.

**બાળકો**એ જે નાટકની તૈયારી કરી હોય તે ભજવવા દો.

**પ્રભુની મેજની સેવા**ની તૈયારીમાં યો-૬:૪૭-૫૧ વાંચો.બે કે ત્રણના **જૂથ**માં એકબીજા માટે પ્રાર્થના કરે અને આપણે શા માટે ઈશ્વરના ઉપકારો માટે તેની સ્તુતિ કરવી જોઈએ તેની ચર્ચા કરો.

બધાં ગી.શા. ૬૯:૩૦ **મોઢે** કરે.

